# બિનજરૂરી જ્ઞાન આપવાવાળાને મ્યુટ કરી દો

# રૂબીના દિલૈક

**લાફ્ટર શેફ્સમાં પોતાની મસ્તીથી દર્શકોને હસાવનાર રૂબીના દિલૈક હવે ફરી એકવાર એક્શન મોડમાં જોવા મળી હતી, જ્યાં 'ખતરોં કે ખેલાડી'ના પડકારોએ તેના જુસ્સાને નવી ઓળખ આપી. હવે ચર્ચા છે કે તે ટૂંક સમયમાં 'બિગ બોસ'ના નવા સીઝનમાં પણ ખાસ અંદાજમાં એન્ટ્રી કરી શકે છે. કોમેડી, સ્ટન્ટ અને રિયાલિટી! ત્રણેય દુનિયામાં પોતાની છાપ છોડી ચૂકેલી રૂબીના ફરી એકવાર દર્શકોનું દિલ જીતવા તૈયાર છે. ચાહકો હવે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે કે આ વખતે રૂબીના કયા નવા અવતારમાં ધમાલ મચાવશે!**



### 'બિગ બોસ' ફરી શરૂ થવા જઈ રહ્યો છે. આ વિશે તમારી શું લાગણી છે?

'બિગ બોસ' મારા જીવનનો ખૂબ જ ખાસ ભાગ રહ્યો છે. જ્યારે પણ આ શોની નવી સિઝનની જાહેરાત થાય છે, ત્યારે મારી ઘણી યાદો તાજી થઈ જાય છે. આ શોએ મને માત્ર ટ્રોફી જ નથી આપી, પરંતુ લોકો સાથે એક ખાસ જોડાણ પણ આપ્યું. આજે પણ જ્યારે નવા સ્પર્ધકો આ ઘરમાં પ્રવેશ કરે છે ત્યારે હું તેમને શુભેચ્છા પાઠવું છું, કારણ કે મને ખબર છે કે આ સફર કેટલી પડકારજનક હોય છે.

### 'બિગ બોસ'માં ફરી મહેમાન તરીકે બોલાવવામાં આવે તો શું જશે?

ચોક્કસ જઈશ. 'બિગ બોસ'નું ઘર મારા માટે હંમેશાં ખાસ રહેશે. જો મને સ્પર્ધકોને મળવાની, તેમને પ્રોત્સાહિત કરવાની અથવા કોઈ ખાસ એપિસોડનો ભાગ બનવાની તક મળશે તો હું ખુશીથી તેનો સ્વીકાર કરીશ. જૂની યાદો ફરી જીવવાનો અનુભવ હંમેશાં સુંદર હોય છે.

### તારી જુડવાં દીકરીઓ (ઈધા અને જીવા) આવ્યા પછી લાઈફ કેટલી બદલાઈ?

ઓહ બોય! લાઈફ બિલકુલ 360 ડિગ્રી રોલરકોસ્ટર બની ગઈ છે. એકસાથે ડબલ ક્યુટનેસ અને ડબલ ધમાલ! ક્યારેક રાત્રે ઝોમ્બી જેવું ફીલ થાય છે કારણ કે ઊંઘ જ ગાયબ થઈ જાય, પણ જ્યારે એ બંને નાનકડા સ્માઈલ આપે ને, ત્યારે આખા દિવસનો ડ્રેઈન થઈ ગયેલો સોલ રિચાર્જ થઈ જાય છે. અભિનવ અને હું હવે પ્રોફેશનલ મલ્ટીટાસ્કર બની ગયા છીએ.

### સોશિયલ મીડિયા પર નેગેટિવ ટ્રોલ્સને કેવી રીતે 'ડિસમિસ' કરે છે?

સિમ્પલ છે બ્લોક અને ડિલીટ! આઈ ડોન્ટ ગીવ એટેન્શન ટુ નેગેટિવિટી. લોકો તો બધું જજ કરશે. તમે વજન વધાર્યું તોય પ્રોબ્લેમ, ઘટાડ્યું તોય પ્રોબ્લેમ. મારી પેરેન્ટિંગ અને મારી બોડી મારી ચોઈસ છે. બસ બિનજરૂરી જ્ઞાન આપવાવાળા 'કીબોર્ડ વોરિયર્સ'ને મ્યુટ પર રાખી દેવાના!

### તારી પોતાની પર્સનલ ફેશન વાઈબ શું છે?

મારા માટે ફેશન એટલે 'કમ્ફર્ટ પ્લસ કોન્ફિડન્સ'. જો તમે પિજામામાં પણ કોન્ફિડન્ટ ફીલ કરો છો, તો તમે એમાં પણ 'સ્લે' કરશો. મને એક્સપેરિમેન્ટ્સ કરવા બહુ ગમે છે. ચોક્કસાઈભરી હિમાચલી ટ્રેડિશનલ જ્વેલરીથી લઈને સ્ટ્રીટવેર શોર્ટ્સ સુધી! મારી એક જ ટીપ છેઃ ટ્રેન્ડ્સને બ્લાઈન્ડલી ફોલો ન કરો, તમારો પોતાનો 'મેઈન કેરેક્ટર એનર્જી' લુક શોધો.

### સુપર-બિઝી રહે છે તો પણ આટલી બધી એનર્જી લાવવાનું સિક્રેટ શું છે?

થેંક યુ સો મચ. સિક્રેટ મોટું નથી, બસ 'સેલ્ફ-લવ' અને હિમાચલનું શુદ્ધ પહાડી લોહી! (હસે છે) જ્યારે તમે તમારી લાઈફ અને પ્રોસેસને એન્જોય કરવા લાગો ને, ત્યારે વાઈબ્સ અને એનર્જી ઓટોમેટિકલી 'હાઈ' થઈ જાય છે.

### તારા હેપ્પી રિલેશનશિપનો રિયલ ફોર્મ્યુલા શું છે?

સ્પેસ, સ્પેસ અને સ્પેસ! અરે ગંભીરતાથી, સ્પેસ આપવી અને બેસ્ટ ફ્રેન્ડ્સ બનીને રહેવું એ જ સિક્રેટ છે. અમે બંને એકબીજાના ગ્રોથને ક્યારેય હોલ્ડ નથી કરતા. પ્લસ, બંને ટ્રેવલ ફ્રીક છીએ, એટલે જ્યારે પણ લાઈફ થોડી મેસી કે હેક્ટિક લાગે, અમે બેકપેક પેક કરીને વ્હીકલ લઈને નીકળી પડીએ છીએ!

### ટીવી, રિયાલિટી શો, ફિલ્મો કે વ્લોગિંગ દિલની સૌથી નજીક શું છે?

માય વ્લોગ્સ! કારણ કે ત્યાં હું અનફિલ્ટર્ડ, રૉ અને રિયલ રૂબીના છું. ટીવી અને ફિલ્મોમાં તો સ્ક્રિપ્ટ અને કેરેક્ટર હોય છે, પણ મારા યુટ્યુબ વ્લોગ્સમાં ફેન્સ મારી સાથે સીધા કનેક્ટ થાય છે. એમાં મારી લાઈફની સાચી સ્ટોરીઓ અને મારી ક્રેઝીનેસ હોય છે.

### તું મેન્ટલ પીસ કેવી રીતે મેન્ટેન કરે છે?

ડિજિટલ ડિટોક્સ! જ્યારે પણ મને લાગે કે માઈન્ડમાં બહુ 'મેસ' થઈ ગયું છે, ત્યારે હું ફોન બાજુ પર મૂકી દઉં છું. યોગા, મેડિટેશન અને નેચર વચ્ચે જવું મારી પ્રાથમિકતા છે. માટીની ખુશ્બુ અને છોડવાઓને પાણી પાવું એ મારો પર્સનલ થેરાપી સેશન છે.

### તારી ફેવરિટ પહાડી વાનગી અને ફેવરિટ સ્પોટ કયું છે?

ઓહ માય ગોડ! પહાડો મારું સોલ છે. ફેવરિટ ફૂડની વાત કરું તો 'સિડુ' - એક ટ્રેડિશનલ સ્ટીમડ બ્રેડ જે દેશી ઘી સાથે ખવાય અને સ્પોટ માટે, મને કોઈ કમર્શિયલ ટુરિસ્ટ પ્લેસ નહીં, પણ મારૂં પોતાનું ગામડું અને ત્યાંના શાંત જંગલો સૌથી વધુ ગમે છે.

### કેરિયરને 3 શબ્દોમાં ડિસ્ક્રાઇબ કરવું હોય તો કયા શબ્દો વાપરશો?

'અનપ્રેડિક્ટેબલ', 'રિઝિલિયન્ટ' અને 'બ્લેસ્ડ'!

### એક એવી બાબત જે તારા ફેન્સને કદાચ ખબર નહીં હોય?

હું બહુ મોટી 'ઓર્ગેનાઈઝેશન ફ્રીક' છું! મને બધી વસ્તુઓ એની જગ્યાએ જ જોઈએ. જો કોઈ મારી કબાટ કે કિચનની ગોઠવણ બગાડે તો મારો પારો હાઈ થઈ જાય છે! અભિનવ ઘણીવાર મારી આ આદતની મજાક ઉડાવે છે.

**સ્મોલ સ્ક્રીન**

### ફ્યુચર પ્લાન શું છે? ફેન્સને ફ્યુચરમાં શું નવું જોવા મળશે?

ઘણાં સરપ્રાઈઝિસ પાઈપલાઈનમાં છે! કંઈક ડિફરન્ટ એક્ટિંગ પ્રોજેક્ટ્સ, થોડું ક્રિએટિવ કન્ટેન્ટ અને ઓફકોર્સ. મારી ફેમિલી સાથેના ક્યુટ મુવમેન્ટ્સ. બસ મારી લાઈફનો મોટો પ્લાન એ જ છે કે 'લીવ ઈન ધ પ્રેઝન્ટ' અને નવા એક્સપિરિયન્સ લેતા રહેવું.

### 'ખતરોં કે ખેલાડી'નો અનુભવ આજે પણ તમને કેવી રીતે મદદ કરે છે?

'ખતરોં કે ખેલાડી'એ મારા જીવનમાં ઘણો મોટો ફેરફાર લાવ્યો. ત્યાં મેં શીખ્યું કે ડર પર જીત મેળવવી હોય તો સૌથી પહેલાં પોતાના મનને જીતવું પડે. આજે જ્યારે પણ જીવનમાં કોઈ મુશ્કેલ નિર્ણય લેવો પડે છે ત્યારે મને તે શોની યાદ આવે છે. દરેક સ્ટન્ટ પહેલાં લાગતો ડર આજે જીવનના પડકારોનો સામનો કરવામાં મારી સૌથી મોટી તાકાત બની ગયો છે. ●

# ડૉ. વિદુષી બચાવી શકશે પોતાનું ક્લિનિક?

ઇન્સ્ટા-પરફેક્ટ દેખાતી આજની દુનિયામાં અંદરથી દરેક યુવાન પોતાની જ લડાઈ લડી રહ્યો છે. નોકરીનું દબાણ, EMIની ચિંતા, કરિયર બનાવવાની દોડ અને મેન્ટલ પિસ બરકરાર





રાખવાનો સંઘર્ષ, આ બધું આજના મિલિનિયલ્સની રોજિંદી જિંદગીનો ભાગ બની ગયું છે. આવી જ હકીકતને હળવી કોમેડી, સંવેદનશીલ લાગણીઓ અને સ્ત્રી સ્વાસ્થ્ય જેવા મહત્ત્વના વિષય સાથે રજૂ કરતી TVFની લોકપ્રિય વેબ સિરીઝ 'હૂઝ યોર ગાયનેક? સીઝન 2' છે. હિમાલી શાહના નિર્દેશનમાં બનેલી આ સિરીઝ Amazon MX Player પર મફતમાં સ્ટ્રીમ થઈ રહી છે અને OTT પર ચર્ચાનું કેન્દ્ર બની છે.

સીઝન -1 માં રેસિડેન્ટ ડૉક્ટર તરીકે સંઘર્ષ કરતી ડૉ. વિદુષી કોઠારી સીઝન -2 માં પોતાની નવી ક્લિનિક 'ચોઈસ એન્ડ કેર' શરૂ કરીને એક નવી સફર શરૂ કરે છે. પરંતુ પોતાનું ક્લિનિક ખોલવાનું સપનું પૂરું થયા પછી સાચો પડકાર શરૂ થાય છે. ક્લિનિકના ખર્ચ, ઓછા દર્દીઓ, પિતા પાસેથી લીધેલી રકમ પરત કરવાની જવાબદારી અને વ્યક્તિગત જીવનની ગૂંચવણો વચ્ચે વિદુષી

**સીઝન -1 માં રેસિડેન્ટ ડૉક્ટર તરીકે સંઘર્ષ કરતી ડૉ. વિદુષી કોઠારી સીઝન -2 માં પોતાની નવી ક્લિનિક 'ચોઇસ એન્ડ કેર' શરૂ કરીને એક નવી સફર શરૂ કરે છે**

સતત સંતુલન સાધવાનો પ્રયાસ કરે છે. માત્ર પાંચ એપિસોડમાં આ સફર ઝડપથી આગળ વધે છે અને દરેક એપિસોડ લાઈફના અલગ પ્રશ્નો સામે ઊભા રહેવાની હિંમત શીખવે છે. એક્ટિંગની વાત કરીએ તો સબા આઝાદ ફરી એકવાર ડૉ. વિદુષીના પાત્રમાં દિલ જીતી લે છે. એક તરફ આત્મવિશ્વાસથી ભરેલી ડૉક્ટર અને બીજી તરફ અંદરથી મૂંઝાતી સામાન્ય યુવતી. બંને ભાવનાઓને તેમણે ખૂબ જ સહજ રીતે રજૂ કરી છે. નર્સ વાયોલેટના પાત્રમાં વિભા છિબ્બર સિરીઝનું સૌથી મજબૂત પાસું સાબિત થાય છે. તેમનો દેશી અંદાજ, રમૂજી સંવાદો અને સમયસર આપતી સલાહો દરેક દૃશ્યને જીવંત બનાવી દે છે. કુણાલ ઠાકુર, કરીશ્મા સિંહ અને આરોન અર્જુન કૌલ પણ પોતાના પાત્રોમાં અસરકારક દેખાય છે અને વાર્તાને હળવાશ આપતા રહે છે. સિરીઝમાં સરળ અને આજની પેઢીને સ્પર્શતી ભાષા છે. કોઈ ઉપદેશ આપ્યા વગર સ્ત્રી સ્વાસ્થ્ય, ગર્ભનિરોધક ગોળીઓ, પીરિયડ્સ, માનસિક તણાવ અને સંબંધોની જટિલતા જેવા વિષયો પર ખૂબ જ સંવેદનશીલ રીતે વાત કરવામાં આવી છે. મેડિકલ માહિતી અને મનોરંજન વચ્ચેનું સંતુલન જાળવવામાં નિર્માતાઓ સફળ રહ્યા છે. હિમાલી શાહનું નિર્દેશન પણ પ્રશંસાને પાત્ર છે. ડ્રામા અને કોમેડી વચ્ચેનું સંતુલન ક્યાંય તૂટતું નથી. દરેક એપિસોડ ઝડપથી આગળ વધે છે અને દર્શકને કંટાળો આવવા દેતો નથી. માત્ર પાંચ એપિસોડ હોવાથી આખી સિરીઝ બે કલાકમાં સરળતાથી જોઈ શકાય છે, જે આજના વ્યસ્ત દર્શકો માટે મોટો પ્લસ પોઈન્ટ છે.

**ફ્રી વોચ**

પાંચ એપિસોડનો સમયગાળો થોડો ઓછો લાગે છે અને કેટલાક સહાયક પાત્રોની વાર્તા વધુ વિસ્તૃત રીતે રજૂ થઈ હોત તો અસર વધી શકતી. ઉપરાંત કેટલાક વળાંકો પહેલાથી અનુમાન લગાવી શકાય એવા હોવાથી ક્લાઈમેક્સમાં આશ્ચર્યનું પ્રમાણ ઓછું લાગે છે.

જો તમે એવી વેબ સિરીઝ શોધી રહ્યા છો જે હસાવે પણ, વિચારવા મજબૂર પણ કરે અને સાથે એક મહત્વનો સામાજિક સંદેશ પણ આપે, તો આ શો તમારા વીકએન્ડ માટે એક સરસ પસંદગી બની શકે છે. IMDb રેટિંગ 5.7/10 ●

# ભોજપુરીનો બવાલ... હવે ઘરમાં જ થશે ધમાલ!

અરે યાર! હવે રિયાલિટી શો એટલે એ જ જૂના ડ્રામા, ટાસ્ક, ફેક લડાઈઓ? ના ભાઈ ના... એ કન્સેપ્ટ હવે આઉટડેટેડ થઈ ગયો છે! હવે તો ચાલે છે એકદમ રૉ, રિયલ અને 'નો-ફિલ્ટર' વાઈબ્સ. ભોજપુરી ઈન્ડસ્ટ્રીમાં આ વખતે કંઈક એવું જ જબરદસ્ત અને ક્રેઝી આવી રહ્યું છે, જે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવવા તૈયાર છે.

જી હા, આપણે વાત કરી રહ્યા છીએ નવા શો 'ભોજપુરી બવાલ'ની! જો તમે વિચારતા હોવ કે અહીં પણ ટ્રોફી માટે દોડધામ કે એલિમિનેશનનો લોચો હશે, તો તમે તદ્દન ખોટા છો.

આ કોઈ નોર્મલ કન્ટેસ્ટવાળો શો નથી, પણ આ છે એક અલ્ટીમેટ 'સેલિબ્રિટી ફોલો-રિયાલિટી' શો!

આમાં ના કોઈ ટાસ્ક છે, ના કોઈ નોમિનેશનનો ડર, કે ના કોઈ સ્ક્રિપ્ટેડ લાઈનો ગોખવાની ઝંઝટ. બસ, કેમેરા ઓન હશે અને ભોજપુરી સિનેમાના મોટો-મોટા સુપરસ્ટાર્સ પોતાની ચિલ મોડમાં વાઈબ કરતા જોવા મળશે.

તમે એવું સમજી લો કે આ ટીવી શો નથી, પણ તમારા ફેવરિટ સ્ટાર્સની એક સીક્રેટ 'હાઉસ પાર્ટી' છે, જેમાં તમને પણ એન્ટ્રી મળી ગઈ છે!

**અપકમિંગ**

શોનું કાસ્ટિંગ એટલું નેક્સ્ટ લેવલ છે કે ટ્રેલર આવતા જ નેટિઝન્સ ફુલ એક્સાઈટેડ થઈ ગયા છે. એક જ ફ્રેમમાં આ બધા દિગ્ગજોને જોવા એટલે પ્યોર એન્ટરટેઈનમેન્ટ!

'ભોજપુરી બવાલ'નું પ્રીમિયર 2 ઑગસ્ટ, 2026ના રોજ જિયો હોટસ્ટાર અને કલર્સ ટીવી પર એકસાથે થશે. શોમાં ભોજપુરી સિનેમાના લોકપ્રિય ચહેરાઓ પવન સિંહ, દિનેશ લાલ યાદવ 'નિરહુઆ', આમ્રપાલી દુબે, કાજલ રાઘવાની અને તેજ પ્રતાપ યાદવ એક જ મંચ પર જોવા મળશે. આ તમામ કલાકારો પોતાની અલગ ઓળખ ધરાવે છે અને તેમના ચાહકો માટે તેમને એકસાથે જોવું જ સૌથી મોટું આકર્ષણ બનવાનું છે.

જ્યાં પવન સિંહ અને નિરહુઆ એકસાથે હોય, ત્યાં બેકગ્રાઉન્ડમાં મસ્તી અને હળવી



**આ વખતે ભોજપુરીના આ સુપરસ્ટાર્સ પોતાના અનોખા, દેશી અને નિખાલસ અંદાજમાં એ સાબિત કરી દેશે કે રિયલ મનોરંજન અને મસ્તીમાં તેઓ પણ કોઈનાથી કમ નથી!**

નોક-ઝોંક તો થવાની જ! અને હા, કાજલ રાઘવાની પોતાના કરિયરના કડવા અનુભવો પર જે રીતે દિલ ખોલીને બોલવાની છે, એ સાંભળીને ઈન્ડસ્ટ્રીના ઘણા લોકોના હોશ ઊડી જવાના છે.

આ શોની સૌથી ખાસ વાત એ છે કે તેમાં કોઈ ટાસ્ક, કોઈ એલિમિનેશન કે કોઈ ટ્રોફી જીતવાની હોડ નથી. નિર્માતાઓએ તેને 'સેલિબ્રિટી ફોલો-રિયાલિટી' ફોર્મેટ તરીકે રજૂ કર્યો છે. એટલે કે કેમેરા સ્ટાર્સના રોજિંદા જીવન, તેમની વાતચીત, મિત્રતા, મતભેદો અને મજાકને નજીકથી અનુસરશે. કોણ કોની મજાક કરે છે, કોણ કોની સાથે જૂની યાદો વહેંચે છે અને કોણ પોતાના જીવનના એવા કિસ્સાઓ કહે છે જે અત્યાર સુધી માત્ર ચર્ચાઓમાં જ હતા, તે બધું દર્શકોને જોવા મળશે.



Gen-Z અને મિલેનિયલ્સને હવે બનાવટી ડ્રામા નથી જોવો. આપણને તો સ્ટાર્સની રિયલ પર્સનાલિટી, એમની પર્સનલ લાઈફના અનકહી કિસ્સાઓ અને એમની વચ્ચેની નેચરલ કેમિસ્ટ્રી જોવામાં જ મજા આવે છે. 'ભોજપુરી બવાલ' બસ આ જ સાચી લાગણીઓને પકડી રહ્યો છે.

હજુ સુધી નિર્માતાઓએ એ નથી બતાવ્યું કે કુલ કેટલા એપિસોડ હશે, પણ ભાઈ, સોશિયલ મીડિયા પર જે હાઈપ ઊભી થઈ છે ને, એ જોઈને લાગે છે કે આ શો TRP ના રેકોર્ડ તોડવા આવી રહ્યો છે.

જો તમને એવું લાગતું હોય કે દેશમાં માત્ર 'બિગ બોસ'માં જ મસાલો અને બવાલ જોવા મળે છે, તો દોસ્ત, થોડું રોકાઈ જાઓ. આ વખતે ભોજપુરીના આ સુપરસ્ટાર્સ પોતાના અનોખા, દેશી અને નિખાલસ અંદાજમાં એ સાબિત કરી દેશે કે રિયલ મનોરંજન અને મસ્તીમાં તેઓ પણ કોઈનાથી કમ નથી! તૈયાર થઈ જાઓ પોપકોર્ન લઈને, કારણ કે આ વખતે સ્ક્રીન પર ફુલ ઓન ધમાકા અને 'બવાલ' થવાનો છે! ●